





નથી આત્મા, ન અવાજ, ચહેરા બદલે છે,
ચારિત્ર્ય તિજોરી ખાલી, પહેરા બદલે છે,
દહેરાં બદલે છે રોજ છતાં પૂજાતા નથી -
સત્તાની ભૂખ, રોજ નવાં મ્હોરાં બદલે છે.




બન્ને પક્ષમાં,
ચાલે છે કારખાનાં -
કલીન ચીટનાં -
(રોબર્ટ કું - ગડકરી કું)

વહુના હાથે
આવી ગઇ ચાબૂક -
'ચૂંટણી પંચ'
(પક્ષો ની ફરિયાદો)

## ચિંતન

**અનાહૂતઃ પ્રવિશતિ હ્પૃષ્ટો બહુ ભાષતે ।**
**અવિશ્વસ્તે વિશ્વસિ તિ મૂઢચેતા નરાધમઃ ॥**

'જે માણસ વગર નિમંત્રણે કોઇ પ્રસંગે સભામાં કે કોઇના ઘેર જાય, નિશ્ચિત કર્યા વિના જ મંચ પર પહોંચી જાય અને ભાષણ પર ભરડી નાખે. આવી વ્યક્તિનો કદી પણ ભરોસો-વિશ્વાસ કરવો નહીં આમ છતાં આવી વ્યક્તિ પર જે વિશ્વાસ કરે છે એ વ્યક્તિ નિશ્ચિંત-પણે મૂર્ખ છે એમ સમજવું.'

ગુજરાતીમાં કહેવત છે - વણ બોલાવ્યો બોલે એ તણખલાંની તોલે - કેટલાક માણસોની એવી આદત હોય છે કે કોઇ ખાનગી - નિયંત્રણાળા કાર્યક્રમમાં પણ વિના આમંત્રણ ઘૂસી જતાં હોય છે. એટલું જ નહીં આયોજક-યજમાન પણ વિચારતા રહી જાય કે આને આમંત્રણ આપ્યું નથી, બોલાવ્યો નથી છતાં કેમ આવી ગયો? અનાદર થાય છે.

કોઇને માઇક-મંચને મોકો મળે તો બોલવામાં પાછું વળી જોતા નથી. સંદર્ભ વિના માત્ર પોતાનું મહત્ત્વ દર્શાવતી વાર્તાઓ બોલ્યા જ કરે છે.

કેટલાક લોકોને આવા માણસનો પરિચય હોય છતાં પોતાના ટૂંકા સ્વાર્થ માટે કરી એના પર વિશ્વાસ મુકે છે. આવા લોકોને અંતે તે પશ્ચાતાપ-દુઃખ સિવાય કંઇ જ મળતું નથી.

વગર બોલાવ્યે જવું નહીં, વગર પૂછે કોઇને સલાહ-અભિપ્રાય-માર્ગદર્શન આપવું નહીં, વગર વિચારે સાહસ-કાર્ય કરવું નહીં.

## સુવિચાર

- બંધુત્વની ભાવનાથી એક થઇને એક સૂત્રથી બંધાઇ, શિસ્તબધ્ધ રહેવું - એને 'સંગઠન' કહેવાય **- બાઇબલ**
- જે લોકો સંપથી સંગઠિત રહી શકતા નથી તે વેરવિખેર થઇ પ્રાણ ગૂમાવે છે- **ફ્રેંકલીન**
- સંગઠન એટલે - બધા એક માટે, અને એક બધા માટે **- અલેકઝાંડર ડ્રૂમ**
- સંગઠનથી નાનાં નાનાં રાજ્યો પણ ઉન્નત થઇ શકે છે, વિભક્ત થવાથી નષ્ટ થાય છે **- સાલસ્ટ**
- સંગઠિત થઇ સામેનો થઇ શકે વિભાજિત થઇ પતન થઇ શકે **- અનામી**
- જે સંગઠનના પાયામાં અનીતિ, અધર્મ, અસત્ય છે એ કદાપિ સફળ થતું નથી **- મહર્ષિ દયાનંદ**
- ટોળાંને કદાપિ સલાહ ન આપો **- શેખ સાદી**

## બોધ કથા

સરકારી ખાતાંઓ અને કર્મચારીઓની એક વૃત્તિ થઇ ગઇ છે કોઇની માગણી-હક્ક-કેમ ટલ્લે ચઢાવવી! એમાં જો એને સફળતા મળે તો પોતાની કાબેલિયત સમજે છે. કંઇને કંઇ આપવા કરતાં ન આપવામાં જ પોતાની 'ફરજ' સમજે છે.

પૂ. ગાંધીજી વિષે એક તરૂણીએ આરટીઆઇમાં માહિતી માગી કે 'ગાંધીજી' ને મહાત્મા કયારે કોણે કયા આદેશથી (સરકારમાં) જાહેર કરાયા છે?

સરકાર ધારત તો એનો સાચો જવાબ જરૂર આપી શકી હોય પણ ટૂંકે પતાવી 'સાચો જવાબ' ન આપવામાં હોંશિયાર 'માહિતી' ખાતાંએ કહ્યું કે સરકારે આવો કોઇ હોદ્દો - ઠરાવથી આપ્યો નથી.

..પણ તેનો સાચો જવાબ આવો થઇ શકે, બીજી ઓકટોબર ૧૮૬૯ રોજ જન્મેલા ગાંધી ૧૦-૬-૧૮૯૧માં બેરિસ્ટર થઇ લંડનથી આવ્યા અને ત્યાર પછી "અન ટુ ધ લાસ્ટ" - રસ્કિનનું પુસ્તક વાંચી તેમનાં ક્રાંતિકારી નિર્ણયથી પરિવર્તન આવ્યું. 'સત્યાગ્રહ', 'અહિંસા'ની કેડી પકડી.

૧૯૧૫માં ગોંડલમાં એમનું સન્માન થયું એ "સન્માનપત્ર" પ્રથમવાર એમને માટે "મહાત્મા"નું બિરૂદ વપરાયું હતું.

# એક દિવસ જયારે દરેક ભારતીયની આંખમાં ચમક હશે - આત્મા આઝાદ હશે, સ્વતંત્રતાઓ વ્યાખ્યામાં બંધ નહીં હોય ત્યારે લોકશાહીનો ઓરકેસ્ટ્રા દ્વારા રૂપમાં ખીલી ઉઠશે... બસ - એક વાર ઊંઘ તૂટી જાય - બસ એક વાર આંખ ખૂલી જાય - બેસ એકવાર...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

## બસ એક વાર ઊંઘ તૂટી જાય

ચૂંટણીએ દરેક રાજકારણીની પ્રિય રમત છે અને સત્તા એ મનગમતી ટ્રોફી. વોટ એ લોકશાહીનું અંતિમ સત્ય છે ને વોટર - મતદાતા અંતિમ તાકાત. ચૂંટણીએ લોકશાહીનું થર્મોમીટર છે - ભારત ભાગ્ય વિધાતાની કૃપાથી છેલ્લા છ દસકાથી ચાલું રહ્યું છે.

પરંતુ સવાલ એ ઊભો થાય છે કે લોકશાહીની અંતિમ તાકત એટલી બધી શક્તિશાળી ખરી અને જો શક્તિશાળી હોય તો વિવેકશીલ ખરી? શું દર વખતે ચૂંટાવવા ન જોઇએ તેવા લોકો ચૂંટાઇને આવે છે! કયાંક કોઇ સંસદ ટોકનાકા પર ટેક્સ માંગનારને બંદૂક બતાવી રહ્યો છે - કયાંક કોઇ કોર્પોરેટર તેનાં આઇડી કાર્ડનાં દમામ ઉપર ફોન પર વાત કરનાર અજાણ્યાં માણસને ડિકશનરી બહારનાં શબ્દો સંભળાવી રહ્યો છે. પ્રજાનાં પ્રતિનિધિત્વમાં વિવેક બચ્યો છે ખરો?

તમે મતદાન કયાં આધાર પર કરો છો?

તમારા ઘર આગળની ગટર ઊભરાતી બંધ કરે તેને મત આપો છો કે પ્રજાની વચ્ચે ગંધ મારતા ખુલ્લા ગટરનાં ઢાંકણ બંધ કરી આપે તેને? તમે કોને વોટ આપો છો? જે પોતાનાં ફંડફાળામાંથી તમારી ઘર પાસેનાં બગીચામાં ચાર બાંકડા - પોતાના નામ સાથે - મૂકાવે એને કે પછી જિલ્લાને - શહેરને - રાજ્યને - દેશને બગીચા જેવો રમણીય બનાવી દે તેને? તમારા શબ્દકોશમાં "નાગરિક ધર્મ" નામનો શબ્દ છે?

જો હોય તો તમે હવે "રાજધર્મ" પર બોલી શકો છો.

જનતાની વચ્ચે હજી કેટલીક ઘટનાઓ નથી ઘટી - અને તે જ પોલિટિકલ એજ્યુકેશન અને પોલિટિક્સ અવેરનેસ.

કોઇ ડોકટરને આંખ બંધ રાખીને ઓપરેશન કરતો જોયો છે? - ના, પણ વર્ષોથી આંખ બંધ કરીને વોટ આપતાં લોકોને જોયા છે ખરા - ઓહ! આય એમ સોરી બટ ધ ઓપરેશન ઇઝ ફેઇલ્ડ. આવામ હજી બેહોશીયાં જીવે છે - એક ડેડ મેકેનિઝમ એક્ટિવેટ થઇ ચૂક્યું છે - આજે પણ રોડ - પાણી - વીજળીનાં પચાસ વર્ષો જૂનાં મુદ્દાઓ પર જ ચૂંટણી લડાતી હોય તો સમજવું - ભારતનાં પગ હજી અતીતનાં કીચડ વચ્ચે સડી રહ્યા છે - આંખ કંઇક જુદું જુએ છે ને પગ કઇ અલગ અનુભવે છે - જે નથી તે છે - જે છે તે નથી - ડામર રોડ નથી - રોડ ડામર નથી - પાણી કુવા નથી, કુવા પાણી નથી - ભારત કયાં દોડી રહ્યું છે?

ચુનાવનાં ફાઇનલ ઇકવેશનનો આધાર આજે પણ સમાજ, જ્ઞાતિ, કોમ કે ધર્મનાં આંકડા હોય તો આમુખમાં સેક્યુલર કહેવાયેલાં આ દેશની લોકશાહીને તમે શું કહેશો? ફ્રી એન્ડ ફેર ઇલેકશન તે વળી કઇ બલા!! શું રાજકારણનાં મૂળ, ફૂલ અને શૂળ જુદાં છે? ભારતનાં કોઇ રાજકારણીને ઘા મારો તો કયાં રંગનું લોહી નીકળશે? કોઇ જવાબ ખરો!!?

લોકશાહીનાં પેટમાં સત્તાની ગાંઠ છે એવું વર્ષો પહેલાં કોઇ કવિતામાં સાંભળેલું. આ સત્તા કેન્સર જેવી છે, સિસ્ટમમાં ઘૂસે એટલે બધે રોગની જેમ ફેલાઇ જ જવાની. પરિણામ : મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોર. ભારતનો મધ્યયુગીન સામંતવાદ રાજકારણમાં હજી જીવે છે - નિપોટિઝમ - ભાઇ ભતીજા વાદ ચારેબાજુ પોતાની જડો પ્રસરાવી ચૂક્યો છે. જનતાની ભીંતર પ્રસરેલાં આતંકવાદનું નામ છે - ભ્રષ્ટાચાર. શું ઇમાનદારીનાં વ્યક્તિગત માપદંડો અને સાર્વજનિક માપદંડો જુદા છે? નેશનલ કેરેકટર એટલે શું? નજીકનાં દેશમાં જન્મેલી મલાલા નામની ટીનએજ છોકરીને ઓળખે છે કોઇ? તિરંગામાં ચોથો રંગ પણ છે, રાષ્ટ્રીય પ્રતિકમાં પાંચમો સિંહ પણ છે, સત્યમેવ જયતેની આગળ પણ એક સૂત્ર છે - તમારી ભારતીયતા કઇ ફેકટરીમાં પેક થાય છે? જરાક એક્સપાયરી ડેટ પણ જોઇ લે જો, હો કે!

ભારતમાં ડેમોક્રસી આવી ગઇ પણ મેરિટોક્રસી નથી આવી - ટી.એન. શેષાન જેવા સલફ્યુરિક ઇલેકશન કમિશ્નર આ દેશમાં ચુનાવોમાં હારી જાય છે - મનમોહન સિંહ જેવા વિદ્વાન માણસની ચૂંટણી રાજ્યસભાનાં મેદાનમાં થાય છે - ગુણવત્તા અને નેતા વચ્ચે બાર ગાઉ છેટું અંતર હોય એમ લાગ્યા કરે છે - બાકી ગુણવત્તાવાહીન - સડેલા - ચૂંટાયેલા - જૂના - ગવાર - અભણ - થર્ડ કલાસ - ગોળમટોળ - નેતાઓની આખી ગેલેકસી તમે વર્ષોથી જ જુઓ છો... એ તારો ખર્ચો!!

અબ્રાહ્મ લિંકને લોકશાહીની પ્રખ્યાત વ્યાખ્યા આપી છે - ફોર ધ પીપલ, બાય ધ પીપલ અને ઓફ ધ પીપલ પણ લોકશાહીની ભારતીય વ્યાખ્યા જાણો છો? ફોર ધ લીડર, બાય ધ લીડર, અને ઓફ ધ લીડર - નેતા માટે, નેતા દ્વારા અને નેતાઓની સત્તા. શું આજ સુધી કોઇ કોર્પોરેટરની ઓફિસમાં સીધો ટકોરો મારી ઘૂસ્યા છો? શું કોઇ સંસદ સભ્યનો મોબાઇલ નંબર તમારા કોન્ટેક્ટ લિસ્ટમાં છે ખરો? આ સંતાકૂકડીમાં કયારેય કોઇ રાજકારણીનો "થપ્પો" થયો છે કયારેક? કે પછી છૂટ્યું જ નથી...! એ... માટલી ચિરાણી!!

વેલ, ભારત જાણે છે - ભારતીય ઊંઘે છે. બંધ આખે આવતા તમામ સ્વપ્નો વાસ્તવિકતા ન હોઇ શકે - બેહોશીની હાલતમાં વિવેક અદૃશ્ય બને છે - જ્યાં સુધી જનતા નામનું તત્ત્વ સક્રિય નહીં થાય ત્યાં સુધી રાજકારણ રાજનીતિ નહીં બની શકે - લોકશાહીનો આઇનો ચોખ્ખો રાખવા - આત્માની ચમક વધારવી પડશે.

એક દિવસ જયારે દરેક ભારતીયની આંખમાં ચમક હશે - આત્મા આઝાદ હશે. સ્વતંત્રતાઓ વ્યાખ્યામાં બંધ નહીં હોય ત્યારે લોકશાહીનો ઓરકેસ્ટ્રા દ્વારા રૂપમાં ખીલી ઉઠશે... બસ - એક વાર ઊંઘ તૂટી જાય - બસ એક વાર આંખ ખૂલી જાય - બેસ એકવાર...

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૯મી નવેમ્બર**

- મહારાષ્ટ્રના સુપ્રસિધ્ધ કેળવણીકાર સેવાભાઇ આપ્યા સાહેબ કર્વેની પુણ્યતિથિ - ૧૯૬૨.

ભારતીય નારીના ઉત્કર્ષમાં યાદગાર પ્રદાન. વિધાવા પુનઃલગ્નના પ્રચારક, નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ-મુંબઇનાં સ્થાપક.

- ૧૮૦૧ - આધુનિક ડેરી ઉદ્યોગના પિતા ગેઇમ બોર્ડન નો



જન્મ.

- ૧૨૭૦ - સંત-ભક્ત જ્ઞાનદેવનો જન્મ.
- ૧૯૧૪ - ગાંધીજીના સાથી-સત્યાગ્રહી ગેબ્રીયલ આઇઝેકનું અવસાન.
- ૧૮૬૭ - શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ.
- ૧૮૭૦ - 'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા' ના



રચયિતા કવિ મહમ્મદ ઇકબાલની જન્મજયંતિ.

# વિશ્વમાં ફેસ ટ્રાન્સપ્લાન્ટના કુલ કેટલા ઑપરેશન થયા છે?

## વિષય : વિજ્ઞાન વિષય

(૧) "H1N1" વાઇરસની કેટલા સમયમાં તપાસ કરી શકાય તેવી નિદાનાત્મક કિટ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઇઝેશન **(DADO)** દ્વારા વિકસિત કરવામાં આવી છે?
(અ) એક દિવસ (બ) એક કલાક (ક) બે દિવસ (ડ) દસ કલાક
(૨) **DRDO** દ્વારા તૈયાર કરવામાં આવેલી "H1N1" વાઇરસની કિટની કિંમત કેટલી છે?
(અ) ૧૫૦૦ રૂા. (બ) ૧૦૦૦ રૂા. (ક) ૧૫૦૦૦ રૂા. (ડ) ૯૦૦૦ રૂા.
(૩) મગજના વિચારોને વાંચી તેને અમલમાં મૂકાતાં મશીનની શોધ કયાં દેશમાં થઇ છે?
(અ) ચીન (બ) ભારત (ક) જાપાન (ડ) બ્રિટન
(૪) બ્રેઇન મશીન્સ ઇન્ટરફેસીસ પર કયા દાયકાથી કામ ચાલે છે?
(અ) ઇ. સ. ૧૯૦૦ (બ) ઇ. સ. ૧૯૬૦
(ક) ઇ. સ. ૧૯૫૦ (ડ) ઇ. સ. ૧૯૭૦
(૫) વિશ્વની કયા દેસમાં પ્રથમ ફલકસ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી થઇ હતી?
(અ) બ્રિટન (બ) સ્પેન (ક) જાપાન (ડ) ઓસ્ટ્રેલિયા
(૬) વિશ્વની પ્રથમ ફળફેસ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીમાં કેટલા ડૉકટરોની ટુકડીએ સતત ૨૪ કલાક કામ કર્યું હતું?
(અ) ૩૦ (બ) ૨૦ (ક) ૧૦ (ડ) ૫૦
(૭) વિશ્વમાં ફેસ ટ્રાન્સપ્લાન્ટના કુલ કેટલા ઑપરેશન થયા છે?
(અ) ૬૬ (બ) ૩૦ (ક) ૫૦ (ડ) ૧૦
(૮) વૈજ્ઞાનિકોએકયા નાના લઘુગ્રહની સપાટી પર બરફ તથા પાણીની શોધ કરી છે?
(અ) થિરિન (બ) ૨૪ થિમિન
(ક) ૪૯ થોમીન (ડ) ૨૦ થાઇન
(૯) ૨૪ થિમીન લઘુગ્રહનો વ્યાસ લગભગ કેટલા કિ.મી છે?
(અ) ૨૦૦ (બ) ૬૯૦ (ક) ૪૮૦ (ડ) ૭૧૦
(૧૦) ૨૪ - થિમીન લઘુગ્રહનો વ્યાસ લગભગ કેટલા કિ.મી. છે?
(અ) ૧૦ (બ) ૫૦ (ક) ૧૦૦ (ડ) ૨૦૦
(૧૧) ૨૪ - થિમીનની કક્ષા સૂર્ય તથા બુધનાં અંતરની કેટલા ગણી વધુ છે?
(અ) ૧.૫ (બ) ૨.૫ (ક) ૩.૫ (ડ) ૪.૫
(૧૨) કયાના તબીબીઓએ ભારતમાં પ્રથમ વખત રોબોર્ટની મદદથી ઑપરેશન કર્યું છે?
(અ) **IIM** (બ) **AIIMS** (ક) **NIDMS** (ડ) **SHIN**
(૧૩) વિશ્વની પ્રથમ પોસ્ટેટ કેન્સરની રસીને કયાંથી સરકારે લીલી ઝંડી આપી દીધી છે?
(અ) અમેરિકા (બ) જાપાન (ક) સ્પેન (ડ) ચીન
(૧૪) કોપનહેગનમાં માનવસર્જિત આબોહવા પરિવર્તનની સમસ્યા મુદ્દે કેટલા દેશોની બેઠક મળી હતી?
(અ) ૧૦૦ (બ) ૧૨૫ (ક) ૧૫૨ (ડ) ૧૯૨
(૧૫) વૈજ્ઞાનિકોએ કયા રસાયણને વાહનનાં ઇંધણમાં રૂપાંતર કરવાની અકલ્પનીય શોધ કરી છે?
(અ) ઓક્સિજન (બ) કાર્બન ડાયોકસાઇડ
(ક) $C_2OH$ (ડ) $H_2O$




## ● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ
નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ

- શામળ **(સાહિત્યકાર) : વિખ્યાત વાર્તાકાર**
- શામળદાસ ગાંધી **(પત્રકારત્વ) : રાષ્ટ્રવાદી પત્રકાર**
- શાંતિ શાહ **(ચિત્રકલા) : વિખ્યાત ચિત્રકાર**
- શિવાનંદ અર્ધ્વયુ **(સમાજસેવા) : નેત્રયજ્ઞના આયોજક**
- શામજી કૃષ્ણવર્મા **(દેશસેવા) : નેત્રયજ્ઞના આયોજક**
- શ્યામપ્રસાદ વસાવડા : **(શ્રમ અને સંગઠન) : ગાંધીવાદી મજૂરનેતા**
- શ્યામવક્ષ ચાવડા **(ચિત્રકલા) : વિખ્યાત ચિત્રકાર**
- શ્રીમદ રાજચંદ્ર **(આધ્યાત્મ) : ચિંતક, યોગી**
- સબળસિંહ વાળા **(વિશ્વદર્શન) : વિશ્વના પગપાળા યાત્રી**
- સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) **(શાસન)** : પ્રજાવત્સલ રાજા
- સરિતા જોષી **(નાટ્યકલા) : વિખ્યાત અભિનેત્રી**
- સલીમ અલી **(પ્રકૃતિ વિજ્ઞાન) : વિખ્યાત પક્ષીવિદ**
- સંજીવકુમાર **(ચલચિત્ર) : અભિનેતા**
- શામ પિત્રોડા **(યંત્રવિદ્યા) : દૂરસંચારના સેવાભાવી**
- સુંદરમ્ **(સાહિત્ય) : કવિ, સાધક**
- સ્વામી આનંદ **(સાહિત્ય) : ગાંધીવાદી સાહિત્યકાર**

## ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ભારતના હાલનાં ચૂંટણી કમિશ્યનર કોણ છે?
જવાબ - શ્રી વી.એચ. સંપટ

## ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર (એસટી પેસેન્જર એશો. મંત્રી)
(૨) ગોમતીબેન કનુભાઇ પરમાર - ૧૭૫૭/૨, સે-૨ડી
(૩) ઋજિત રાવલ : સે-૭
(૪) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૫) ઇશિતા હરેન્દ્રસિંહ જાદવ : સે-૩૦, સૂર્યવંદના ફલેટ
(૬) પટેલ નરેશ એચ : સે-૨૮
(૭) જયેન્દ્રભાઇ પાઠક : સે-૩૦

## ● પૂછું એક સવાલ...?

(૧) જય એમ. પટેલ : સે-૩૦થી
પ્રશ્ન - કાશી, બનારસનું નવું નામ શું છે?
જવાબ - વારાણસી
(૨) વિશ્વા બી. શાહ : સે-૧૭થી
પ્રશ્ન - મડદા દાટવાનાં ભોંયરા કયાં દેશમાં આવેલાં છે?
જવાબ - રૉમ
(૩) પટેલ મયંક. ડી : સે-૩થી
પ્રશ્ન - પેલેસ્ટાઇનને કેવી ભૂમિ કહેવામાં આવે છે?
જવાબ - પવિત્ર ભૂમિ
(૪) વાઘેલા ઋતુસિંહ એન. : સે-૨૮થી
પ્રશ્ન - ડેન્માર્ક શા માટે જાણીતો છે?
જવાબ - દૂધ અને ડેરીના દેશ માટે
(૫) પરમાર હેત. એમ : સે-૨૪થી

(અનુસંધાન પાના નં. ૬ પર)

## દયાળુ ગૌરીભાઇ

તારલા જેવા
ચમકે એવા
- ગૌરીભાઇ તે ગૌરીભાઇ
ગુજરાત આખું એમને જાણે
ગુજરાત આખું એમને વખાણે
એનું કારણ?
ગૌરીભાઇ સરસ વારતાઓ લખે.

સરસ વારતાઓ. એક વાંચો તો બીજી વારતા વાંચવાનું મન થાય.

આવા લેખક ગૌરીભાઇ સીધા-સાદા એ પહેરે ધોતિયું અને પહેરણ. માથે પહેરે લાંબો કોટ ને ઉપર શોભે શાલ!

ચાલવાના શોખીન હતા. કાં સવારે ચાલે કાં સાંજે ચાલે, પણ ચાલવાનું ખરૂં!




એક વાર ગૌરીભાઇ ચાલીને ઘેર આવ્યા ત્યારે એમનાં પત્નીએ જોયું કે ખભે સાલ દેખાતી નથી.

પૂછ્યું - શાલ ભૂલાઇ ગઇ કે શું? ના રે ના, ભૂલાય તો શું?

તો પછી વારતાના વિચારમાં હશો અને ખભેથી સરી ગઇ?

ગુમ તો શું થાય? ગૌરીભાઇએ જવાબ આપ્યો. ''ચાલતો હતો એવામાં મારી નજર એક ડોસા પર પડી. એ માંદો હોય એવું લાગ્યું. રસ્તાની કોરે ફાટેલી ગોદડી ઓઢીને સૂતો હતો. ટૂંટિયું વાળીને તોયે ટાઢથી થરથરતો હતો. ભઇ, મેં તો ધીમેકથી એને શાલ ઓઢાડી દીધી!''

આવા દયાળુનું આખું નામ : ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી. આખું ગુજરાત એમને ઓળખે. એમનું ઉપનામ 'ધૂમકેતુ'. તમે પણ ઓળખો છો ને એમને?

## નોખી દિવાળી

આવને સોનલ આવને સેજલ
રંગોળી સૌ પૂરીએ
લાલ પીળોને લીલો રંગ લઇ
ફૂલડાંને ચીતરીએ,
સાથે લઇને આપણું તે જ
આપેઆપ પ્રગટીએ,
અંધકારે ડૂબેલા ઘરનાં
આંગણાને અજવાળીએ,
મીઠ્ઠા ટહૂકાનાં ફૂલ ગૂંપીને
મધૂરાં તોરણ ઝૂલાવીએ
સૌનાં ભેળાં ખડખડ હસીને
નોખી દિવાળી ઉજવીએ.

**- રેખા ભટ્ટ**

## ભૂલભૂલામણી



બિચારા સસ્સારાણા! દર ખોદીને ઘર તો બનાવ્યું, પણ દર ભુલભુલામણીમાં પોતે જ રસ્તો ભુલી ગયા. એમને ઘર સુધી પહોંચવામાં મદદ કરશો?

## બાળ મિત્રો,

દિવાળીનો તહેવાર નજીક આવી ગયો છે. મનપસંદ કપડાં, રંગોળીના રંગ, રમકડાંની ખરીદી થઇ ગઇ હશે. અને ઘર સજાવવા માટે જાતજાતની વસ્તુઓ લાવી દીધી હશે.

તમે પણ તમારી આવડત હોય તે મુજબની સુશોભનની એકાદ વસ્તુ જાતે બનાવવા પ્રયત્નો કરજો.

રંગોળી પૂરી શકાય, દીવડા રંગી શકાય, કાગળનાં રમકડાં બનાવીને લટકાવી શકાય એવું તો કેટલુંયે છે જે તમે તમારી સૂઝ અને કલ્પના મુજબ બનાવીને ગોઠવી શકો.

કેમ કે, દિવાળી એટલે દિવા પ્રગટાવવા અને ઘર સજાવવું અને બધાં ભાઇ-બહેનો સાથે મળીને ખાઇ-પીને આનંદ કરવો. કેમ કે, આનંદમાં જેટલાં ભાગીદાર વધારે એટલો આનંદ વધારે. બાકી એકલા એકલા તહેવારો ઉજવવાનો શું આનંદ?

સૌને - **Happy Diwali -**

